**શહેર સંગઠન રાહ જોતું રહ્યું ને સોશિયલ મીડિયામાં યાદી જાહેર થઇ ગઇ**

# શિક્ષણ સમિતિ માટે ભાજપે 12ને બદલે 14 નામ જાહેર કરતાં ખેંચતાણ સર્જાઇ

**મોવડી** મંડળે સરકાર નિયુક્ત નામો પણ જાહેર કરી દેતાં સ્થાનિક સંગઠનની રેવડી દાણાદાર થઇ ગઇ

**ક્યા બે** નામ પડતા મૂકવા ? ભારે ગડભાંજ બાદ ધાર્મિક માલવીયા, પરમેશ્વર રાજપૂતને હોલ્ટ પર મુકાયા

### શહેર ભાજપને છેલ્લે સુધી ફાઇનલ યાદીની જાણ કરાઇ નહીં

શિક્ષણ સમિતિના ઉમેદવારોને લઇને પણ સસ્પેન્ડ અંત સુધી અકબંધ જોવા મળ્યું હતું. 400થી વધુ કાર્યકર્તાઓ દાવેદારી નોધાવી હતી. મામલો ગુચવાતા પ્રદેશ ભાજપ દ્વારા સ્થાનિક ધારાસભ્ય અને ભાજપ આગેવાનોનો સેન્સ લીધો હતો. ભારે મથામણ બાદ 36 નામ ફાઇનલ કરવામાં આવ્યા હતા. આ નામો પૈકી 14 નામની પ્રદેશ ભાજપ દ્વારા પસંદગી કરીને આજે યાદી બપોરના ઓનલાઇન જાહેર કરવામાં આવી હતી. પ્રદેશ ભાજપ દ્વારા ક્યા નામો પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે તેની અંત સુધી જાણ શહેર ભાજપ સગઠનને નહોવાનું ચર્ચાઇ રહ્યું છે.

સુરતઃ આજે સુરત મનપા સંચાલિત શિક્ષણ સમિતિની 12 સભ્યની નિમણૂક માટેની પ્રક્રિયા શરૂ થતાં જ શિસ્તબદ્ધ ગણાતી ભાજપની પ્રદેશ નેતાગીરીએ બુદ્ધિનું એવું પ્રદર્શન કર્યું છે કે આખું સંગઠન હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઈ ગયું હતું. નિયમ મુજબ 12 સભ્ય માટે જ ફોર્મ ભરવાના હતા, પરંતુ પ્રદેશ ભાજપે ઉત્સાહમાં આવીને સીધા 14 ઉમેદવારની યાદી સોશિયલ મીડિયા પર ઠોકી બેસાડીને મોટો ભાંગરો વાટ્યો હતો. સરકારી નિયમો નેવે મૂકાતા ગૂંચવણ ઊભી કરી હતી, સાથે જ સરકાર નિયુકત સભ્યોમાં સ્થાનિક નેતાગીરીને કોરામે મુકાયાના સંકેત અપાયા હતા. આ બધી પળોજણ વચ્ચે શહેર ભાજપ પ્રમુખ 14 પૈકી કયા 12 સભ્ય પાસે ફોર્મ ભરાવવા તે અંગે પ્રદેશ મોવડી મંડળ સાથે મોબાઈલ પર સતત પળોજણમાં પડી ગયા હતા.

વિસ્તૃત વિગતો મુજબ બપોરે ૩થી ૬ના સમયગાળામાં ફોર્મ ભરવાના હોવા છતાં, કયા બે નામો પડતા મૂકવા તે માટે સ્થાનિક નેતાઓ પ્રદેશના નેતાઓ સાથે ટેલિફોન પર કાલાવાલા અને માર્ગદર્શન મેળવવામાં જ વ્યસ્ત રહ્યા હતા. બીજી બાજુ સવારે 11 વાગ્યે કોર્પોરેટરોને બોલાવ્યા અને ટેકેદારો નક્કી થઈ ગયા પરંતુ ઉમેદવારોના નામ જાહેર કરવાની નેતાઓની હિંમત ચાલી નહોતી! અને છેક સાડા ત્રણ વાગ્યે સોશિયલ મીડિયામાં યાદી ફરતી થયા બાદ શહેર સંગઠનના હાથમાં યાદી આવી હતી. 12 જગ્યા માટે 14 નામ જાહેર કરાયા થતાં ખેંચતાણ સર્જાઇ હતી. પહેલાં પરમેશ્વર રાજપૂત અને વોર્ડ નં.21 ના મહિલા સભ્ય ધર્મિષ્ઠાબેન પટેલનું નામ કાપવાની ચર્ચા હતી, પરંતુ પડદા પાછળની ભારે રાજકીય ખેંચતાણ બાદ ગત વિધાનસભામાં 'આપ'માંથી ઓલપાડ બેઠક પર ભાજપ સામે જ તલવાર ખેંચનારા પક્ષપલટુ ધાર્મિક માલવિયાનું મનપાની ચૂંટણીની જેમ જ છેલ્લી ઘડીએ પત્તું કાપી નાંખવામાં આવ્યું હતું. તેમની સાથે પરમેશ્વર રાજપૂત પાસે ફોર્મ ભરાવાયુ નહોતું. શિક્ષણ સમિતિમાં પસંદ થયેલા સભ્યોમાં શૈક્ષણિક લાયકાતના બહાના હેઠળ માત્ર ધારાસભ્યોની ભલામણો અને જાતિવાદી સમીકરણોને જ આંધળું પ્રાધાન્ય આપીને સાચવી લેવાયા છે. જો કે, ત્રણ પૂર્વ સેનેટ સભ્યો કનુ અલગૌતર, મહેશ પટેલ અને કિરણ ઘોઘારીને આ યાદીમાં સ્થાન મળ્યું છે.

# મનપાનાં મલાઈદાર સોલિડ વેસ્ટ વિભાગ IAS સ્મીત લોઢાને હવાલે

**કાર્યપાલક** ઇજનેર મૌલીક રાવને પણ સોલિડ વેસ્ટ અને મીતા ગાંધીને વરાછા ઝોનની જવાબદારી

સુરતઃ મનપા માટે સતત માથાના દુખાવા સમાન બનેલી અને વિવાદોના ઘેરામાં રહેલી ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે કચરાના નિકાલની વ્યવસ્થાને ફરીથી સુદ્રઢ કરવા માટે સુરત મહાનગરપાલિકાના કમિશનર રાજકુમાર બેનીવાલે મોટો નિર્ણય લીધો છે. નવા આદેશ અનુસાર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટનો હવાલો સરકારે ડેપ્યુટેશન પર મોકલેલા આઈએએસ સ્મીત લોઢાને સોંપાવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય ઓર્ડરમાં સોલિડ વેસ્ટ વિભાગમાં ખાલી પડેલી કાર્યપાલક ઈજનેરની જગ્યા પર ઈસ્ટ ઝોન (વરાછા)ના કાર્યપાલક ઈજનેર મૌલિક રાવની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે તેમના સ્થાને વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર તરીકે પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલના કાર્યપાલક ઈજનેર મિતા ગાંધીને જવાબદારી સોંપાઈ છે. મિતા ગાંધી હાલ હેરીટેજ સેલ, સ્વિમિંગ પૂલ ડિપાર્ટમેન્ટ, પબ્લિક પાર્ક્સ એન્ડ ગાર્ડન, સેન્ટ્રલ ડિઝાઈન સેલ અને સુરત સિટી ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન જેવી મહત્ત્વની શાખાઓ સંભાળી રહ્યા છે.

### કૌભાંડ બાદ બાકાત થયેલા એન્જિનિયરિંગ વિભાગની ફરી એન્ટ્રી થતાં આશ્ચર્ય

પૂર્વ મનપા કમિશનર શાલિની અગ્રવાલના સમયમાં કાંકરીયા ગામે ગેરકાયદે રીતે સોલિડ વેસ્ટ ડમ્પ કરતાં ઝડપાયેલા કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટનું કૌભાંડ છેલ્લા ત્રણ વર્ષથી જે-તે વખતના અધિકારીઓના મેળાપીપણામાં ચાલતુ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું જેના પગલે શાલિની અગ્રવાલે આખા સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ વિભાગમાં સાગમટે બદલી કરી, ઇજનેરી વિંગ પાસેથી હવાલો આંચકીને આરોગ્ય વિભાગને સોંપ્યો હતો. વર્તમાન કમિશનરે ફરી એન્જિનિયરિંગ વિભાગને આ કામ સોંપતા કોની સીન્ડીકેટ ખેલ કરી રહી છે ? તેવા તર્ક-વિતર્ક વહેતા થયા છે.

# ગણેશ મંડપમાં અંગદાનનો સંદેશ, ગ્રીન કોરિડોરની પ્રતિકૃતિ આકર્ષણનું કેન્દ્ર

**રાંદેર** તારવાડીના વાસ્તવ ગ્રુપ અને ડોનેટ લાઈફ દ્વારા સુરતની 'ઓર્ગન ડોનર સિટી'ની ઓળખ ને ઉજાગર કરતી અનોખી થિમ




સુરતઃ રાંદેર તરવાડી ખાતે વાસ્તવ ગ્રુપ અને ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા આ વર્ષે ગણેશ મહોત્સવમાં અંગદાનની થીમ આધારિત આયોજન કરવામાં આવ્યું છે. સુરતને 'ઓર્ગન ડોનર સિટી' તરીકે મળેલી ઓળખને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ થીમનો મુખ્ય હેતુ અંગદાન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. ખાસ કરીને ઓર્ગન ફેલ્યોરના કારણે કોઈ વ્યક્તિનું જીવન ન ગુમાવે અને વધુમાં વધુ લોકો અંગદાન માટે સંકલ્પબદ્ધ બને તે માટે મંડપમાં વિવિધ સંદેશાત્મક રજૂઆતો કરવામાં આવી છે. થીમમાં ગ્રીન કોરિડોરની પ્રતિકૃતિ, કાઉન્સેલિંગ રૂમ સહિત અંગદાન પ્રક્રિયા અને તેના મહત્ત્વને સમજાવતા વિવિધ ડેકોરેશન જોવા મળતા હતા. આયોજકોનો ઉદ્દેશ ગણેશોત્સવના માધ્યમથી યુવા પેઢી સહિત લાખો લોકો સુધી અંગદાનનો સંદેશ પહોંચાડવાનો છે.

### અડાજણ ગાર્ડન ગ્રુપના ગણેશ મંડપમાં વ્યસન મુક્ત ગુજરાતનો સંદેશ



અડાજણ ગાર્ડન ગ્રુપ દ્વારા આ વર્ષે ગણેશોત્સવ નિમિત્તે 'વ્યસનમુક્ત ગુજરાત અને સુરક્ષિત ગુજરાત'ની થીમ આધારિત ગણેશ મંડપ તૈયાર કરવામાં આવ્યો છે. યુવા પેઢીમાં નશાના વધતા વલણને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ થીમમાં ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોથી દૂર રહેવાનો સંદેશ આપવામાં આવ્યો છે. મંડપમાં રજૂ કરવામાં આવ્યું છે કે એક વખત નશાની આદત લાગી ગયા બાદ યુવાનો તેના ગંભીર ચક્રમાં ફસાઈ જતાં હોય છે અને તેમાંથી બહાર આવવું મુશ્કેલ બની શકે છે. આવી સ્થિતિમાં યુવાનોને શરૂઆતથી જ નશાથી દૂર રાખવા માટે પરિવાર, સમાજ અને યુવા પેઢીમાં જાગૃતિ જરૂરી હોવાનો સંદેશ થીમ મારફતે આપવામાં આવ્યો છે. ગણેશોત્સવના માધ્યમથી ધાર્મિક આસ્થા સાથે સામાજિક જાગૃતિનો સંદેશ લોકો સુધી પહોંચે અને યુવાનો નશાથી દૂર રહી સુરક્ષિત જીવન તરફ આગળ વધે તેવો પ્રયાસ ગાર્ડન ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો છે.

### મનપાની શાળામાં 100 વિદ્યાર્થીએ ગણેશજીની વિશાળ માનવકૃતિ રચી



વરાછા વિસ્તારમાં આવેલી સુરત મહાનગરપાલિકા સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળાના મેદાન પર આશરે 100 જેટલા વિદ્યાર્થીઓએ એકત્ર થઈને અત્યંત શિસ્તબદ્ધ ગોઠવણી દ્વારા ગણેશજીની એક વિશાળ માનવાકૃતિ તૈયાર કરી હતી. આ બાળ સર્જકોની સુમેળભરી અને ચોકસાઈપૂર્વકની 'અપ-ડાઉન' મૂવમેન્ટના કારણે મેદાન પર ગણેશજીની આકૃતિ એકદમ જીવંત અને નયનરમ્ય લાગતી હતી. વિદ્યાર્થીઓએ પોતાની સ્થિતિ અને હલનચલન વચ્ચે સુંદર તાલમેલ જાળવી રાખીને આ સમગ્ર સંગઠનાત્મક રચનાને સાકાર કરી હતી. સામાજિક મૂલ્યોને બાળમાનસ સુધી પહોંચાડવા માટે આ સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# GEBના કર્મચારી બની BSNLના રૂ. 4.98 લાખના કોપર વાયર ચોરતી ગેંગ ઝડપાઈ

**ગલેમંડીની** હોટેલમાં રોકાઈ બોગસ GEB ના કર્મી હોવાની ઓળખ આપી હતી

### ઝડપાયેલા આરોપીઓ

અમન રામાનંદ પાસી (ઉં.વ.25, રહે. નોઈડા, ઉત્તરપ્રદેશ, મૂળ ગાઝિયાબાદ) અને મોહમદ રાહુલ મોહમદ ફૈયાઝ શેખ (ઉં.વ.23, રહે. કૌશામ્બી, દિલ્હી, મૂળ અરરિયા, બિહાર)નો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં અમન પાસી સામે ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ પોલીસ મથકમાં ઘરફોડ ચોરી, ચોરી અને લૂંટ સહિતના સાત જેટલા ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

સુરતઃ મહિધરપુરા વિસ્તારમાં GEBના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી BSNLના કેબલ ડક્ટ ચેમ્બર્સમાંથી રૂપિયા 4.98 લાખની કિંમતના કોપર કેબલ વાયરની ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગના બે શાતિર ચોરોને મહિધરપુરા પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓ ગલેમંડી વિસ્તારમાં આવેલી હોટેલમાં રોકાયા હતા અને બોગસ ઓળખના આધારે મજૂરો તથા JCBની મદદથી કેબલ ડક્ટનાં ઢાંકણાં ખોલાવી વાયર ચોરીને ખોટી નંબર પ્લેટ લગાવેલી ટ્રકમાં ભરી ફરાર થયા હતા. વધુ એક ચોરી કરવા માટે પરત આવે તે પહેલાં જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. આરોપીઓ હોટેલ સેફાયર ઈનમાં રોકાઈ બોગસ દસ્તાવેજો રજૂ કરીને પોતે GEBના કર્મચારી હોવાનું જણાવ્યું હતું. બાદમાં મજૂરો અને JCBની મદદથી કેબલ ડક્ટ ચેમ્બરના ઢાંકણાં ખોલાવી અંદરથી કોપરના કેબલ વાયર બહાર કાઢ્યા હતા. ચોરી કરેલો રૂપિયા 4,98,960નો કોપર વાયર ખોટી નંબર પ્લેટ લગાવેલી ટાટા ટ્રકમાં ભરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા.


# વિસર્જનનાં દિવસે નરમ વલણ દાખવવા મુખ્ય જિલ્લા ન્યાયાધીશને બારનો પત્ર

**ગણેશ** વિસર્જનના દિવસે મોટા ભાગના રસ્તાઓ બંધ હોય કોર્ટ સુધી પહોંચવું મુશ્કેલ

સુરતઃ સુરત શહેરમાં આશરે ૮૦ હજાર જેટલી ગણેશજીની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હોવાથી, વિસર્જન દરમિયાન સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે સુરત કલેક્ટર તેમજ પોલીસ કમિશનરના આદેશથી શહેરના મોટા ભાગના મુખ્ય રસ્તાઓ બંધ કરવામાં આવે છે. બીઆરટીએસ, સીટી બસના રૂટ પર બંધ રાખવામાં આવે છે. રસ્તાઓ બંધ હોવાના કારણે અને ટ્રાફિક વ્યવસ્થાના લીધે વકીલો તેમજ પક્ષકારોને સુરત કોર્ટમાં આવવા-જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉપરાંત, સુરત શહેર તેમજ અન્ય જિલ્લાનો પોલીસ સ્ટાફ પણ મોટી સંખ્યામાં ગણેશ વિસર્જનના બંદોબસ્તમાં રોકાયેલો હોવાથી તેઓ પણ કોર્ટમાં ઉપસ્થિત રહી શકે તેમ નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં વિનંતી કરવામાં આવી છે કે ૨૫/૦૯/૨૦૨૬ના રોજ ગણેશ વિસર્જનના દિવસે પ્રજાહિતમાં કૂણું વલણ દાખવવામાં આવે.

જો કોઈ વકીલ કે પક્ષકાર કોર્ટ સમક્ષ ઉપસ્થિત ન રહી શકે, તો તેમની ગેરહાજરીના કારણે કોઈપણ કેસમાં એકતરફી હુકમ ન કરવામાં આવે. ગેરહાજરીના લીધે કેસ રદ ન કરવા અથવા વોરંટ/સમન્સ ઈશ્યુ કરવા જેવા આકરા હુકમો ન કરવા રજુઆત કરવામાં આવી છે.





જયદીપ ગજ્જર, અંકુર ગોસ્વામી, મહાવીર જૈન-દિલ્હી ગેટ


કૌશિકા કહાર-કૂવાવાડી, નાનપુરા


89 ગ્રુપ - કાશી નગર સોસાયટી, ઉધના


અંકિતા, મેઘના, રૂપાલી, ચિત્રાંગ, રોહન, સંદીપ, માહિર, રશ્મી, કામીની, રિધમ - વર્ધમાન, પીપલોદ


અંજલિ, હીઆન, ડેનિશ જીનવાલા - હરિ ઓમ નગર સોસાયટી, અડાજણ


કુંજ દેસાઈ - સગરામપુરા મેઈન રોડ


અશ્વિન બેકાવાલા, આમ્રપાલી બંગ્લોઝ, ન્યૂ સિટીલાઈટ


ઓજસ પારેખ - આવકાર સોસાયટી, રામનગર, રાંદેર રોડ


હિતેશી ભડીયાદરા, રિફલ સવાણી નીલકંઠ સ્પર્શ, સિંગણપોર, કોઝવે રોડ


તેજસ પેંચીવાળા - શિખિન હાઇટ્સ સોસાયટી, અલથાણ


ચલમવાડ યુવક મંડળ, સલાબતપુરા


શરદ સાવંત - ઠાકોરદીપ ચા રાજા, સિટીલાઈટ


બિન્ની રોનક ચાહવાળા - અડાજણ


નિહિત કિરણ રાયકા શ્રી વિસત યુવક મંડળ, ખટોદરા


અમી પટેલ - એક્યુરેટ ફીનપ્રો pvt Ltd, વેસુ


હેમાક્ષી માટલીવાળા - આશીર્વાદ પાર્ક રો હાઉસ, ભાઠેના


નિત્યમ અને ટેટમ - હેલીફેક્સ, નોવા સ્કોટિયા, કેનેડા


પંથ અને પરમ - પેસિફિક હોમ્સ, અડાજણ


શનાયા રક્ષિત બગ્ગા - સિટીલાઈટ


મિતુલ કટકટિયા, ધર્મેશ જરીવાલા, જેનિશ મહેતા, રોનક પાસવાલા, ગલેમંડીના મહાગણપતિ ગ્રુપ


સુખવાણી પરિવાર - વૈષ્ણોદેવી સ્કાઈ, જહાંગીરાબાદ


દર્શિલ લેસવાલા - બમરોલી રોડ


ક્વિા ડુમસવાલા - રાજહંસ એલિટા, પાલ


જલ, જીનુ, કાનો - ખાંડાકૂવા, રાંદેર


રણછોડજી ગ્રુપ - મેઈન રોડ, સગરામપુરા